# ભારતીય રિઝર્વ બેંક

www.rbi.org.in

RBI/2016-17/193

IDMD.No.1569 /14.04.050/2016-17

23 ડીસેમ્બર , 2016

સમગ્ર અનુસુચિત વાણીજ્ય બેંકો
(ક્ષેત્રિય ગ્રામીણ બેંકો સિવાય)
માન્ય પોસ્ટ ઓફીસો
સ્ટોક હોલ્ડીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SHCIL)

BSE અને NSE

ડીપોઝીટરી / ડીપોઝીટરી પાર્ટીસીપંટ

પ્રિય મહોદય/મહોદયા

## સોવરીન ગોલ્ડ બોન્ડ ની સેવા માટે પ્રક્રિયાગત માર્ગદર્શિકા :

ભારત સરકારે (GOI) તારીખ 30 ઓક્ટોબર, 2015 ના રોજ સોવરીન ગોલ્ડ બોન્ડ યોજના બહાર પાડી. સોવરીન ગોલ્ડ બોન્ડ ( જેને અત્રે બોન્ડ તરીકે બતાવેલ છે ) GOI એ ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એકટ, 2006 (જી એસ એકટ, 2006) ની કલમ 3 મુજબ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા સ્ટોક સ્વરૂપે ઈસ્યુ કર્યા છે અને તેનો વહીવટ ભારતીય રીઝર્વ બેંક દ્વારા થાય છે .અત્યાર સુધી સોવરીન ગોલ્ડ બોન્ડ યોજના છ હપ્તા માં ઈસ્યુ થઈ છે. GOI ની દરેક હપ્તા ની સુચના ને અનુસરીને , ભારતીય રીઝર્વ બેંકે, પ્રાપ્ત કરતી ઓફિસો ( રીસીવિંગ ઓફીસ) માટે અરજીપત્ર ની પ્રક્રિયા માટે પ્રક્રિયાગત માર્ગદર્શિકા બહાર પાડી છે.

2. રીસીવિંગ ઓફીસો અને ડીપોઝીટરી / ડીપોઝીટરી પાર્ટીસીપંટ ને બોન્ડ બાબત ની સેવાઓ માટે કેટલાક કાર્ય કરવાની જવાબદારીઓ સોંપેલી છે .આ ઉપરાંત, અત્યાર સુધી બોન્ડ ઈસ્યુ કરવાના અનુભવથી અને ગ્રાહકોની સરળ સેવા અને પ્રક્રિયાગત સુગમતા માટે રીસીવિંગ ઓફીસ (RBI ના ચોપડે સ્ટોક સ્વરૂપે ધારણ કરેલ બોન્ડ ના કેસ માં ) અને ડીપોઝીટરી / ડીપોઝીટરી પાર્ટીસીપંટ ( ડી –મટેરીઅલાઈઝડ બોન્ડ ના કેસ માં) માટે પ્રક્રિયાગત માર્ગદર્શિકા બહાર પડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

3. પ્રક્રિયાગત માર્ગદર્શિકા પરીશિષ્ટ I  માં આપેલી છે. ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ   એક્ટ, 2006 (જી એસ એક્ટ, 2006) ની કલમ 29(2) થી મળેલી સત્તા અંતર્ગત, રીસીવિંગ ઓફીસો અને ડીપોઝીટરી /  ડીપોઝીટરી પાર્ટીસીપંટ ને જુદી જુદી સોવરીન ગોલ્ડ બોન્ડ  યોજના  અંતર્ગત ઈસ્યુ કરેલા બોન્ડ ની સેવા  માં સરળતા રહે તે માટે ,સરકારી જામીનગીરી ના વ્યવહાર કરનારાઓ  ને નિર્દેશ આપવા માટે આ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે. આના બીનપાલન થી કાયદા ની કલમ 30  ની  જોગવાઈ  મુજબ  દંડ થઈ શકે છે.

4. આ માર્ગદર્શિકા તાત્કાલિક અસર થી અમલ માં આવશે.

આપનો વિશ્વાસુ

(એ. મંગલાગીરી)
મુખ્ય મહા પ્રબંધક

**પરીશિષ્ટ I**

## I. પરિચય :

સોવરીન ગોલ્ડ બોન્ડ ( જેને અત્રે બોન્ડ તરીકે બતાવેલ છે ) GOI એ ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એક્ટ, 2006 (જી એસ એક્ટ, 2006) ની કલમ 3 મુજબ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એ અલગ અલગ સોવરીન ગોલ્ડ બોન્ડ યોજના હેઠળ સ્ટોક સ્વરૂપે ઈસ્યુ કર્યા છે.ફોરેન એક્ષ્ચેન્જ મેનેજમેન્ટ એક્ટ 1999 ની કલમ 2(v) અને કલમ 2(u) માં આપેલ વ્યાખ્યા અનુસાર ભારતીય રહીશ જેમાં ટ્રસ્ટ ,શખાવતી સંસ્થા ,બેંકો અને યુનિવર્સીટીઓ નો સમાવેશ થાય છે તેઓ આ બોન્ડ માં રોકાણ કરી શકશે .આ બોન્ડ એક ગ્રામ સોના ના એકમ / યુનિટ માં ઈસ્યુ કરવામાં આવેછે. GOI એ વખતો વખત સૂચિત કરેલ રીસીવિંગ ઓફીસો બોન્ડ નું ભરણું સ્વીકારી શકશે .દરેક વખતે જયારે પણ યોજનાઓ સૂચિત કરવામાં આવે ત્યારે અરજીપત્ર ની પ્રક્રિયા માટે રીઝર્વ બેંક કામગીરી માટે ની સુચના ઈસ્યુ કરેછે .

## II. લાગુ પડવા યોગ્યતા (applicability):

2. કામગીરીની સ્થિતિ સ્થાપકતા માટે અને ગ્રાહક ને સરળ સેવા મળે તે માટે, રીસીવિંગ ઓફીસ ( RBI ના ચોપડે સ્ટોક સ્વરૂપે ધારણ કરેલ બોન્ડ ના કેસ માં ) અને ડીપોઝીટરી / ડીપોઝીટરી પાર્ટીસીપંટ ( ડી –મટેરીઅલાઈઝડ બોન્ડ ના કેસ માં) ને બોન્ડ બાબત ની સેવાઓ માટે કેટલાક કાર્ય કરવાની જવાબદારીઓ સોંપેલી છે .

3. ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એક્ટ, 2006 (જી એસ એક્ટ, 2006) ની કલમ 29(2) થી મળેલી સત્તા અંતર્ગત, રીસીવિંગ ઓફીસો,ડીપોઝીટરી પાર્ટીસીપંટ અને ડીપોઝીટરીઓ ને સરકારી જામીનગીરી ના વ્યવહાર કરનાર તરીકે નિર્દેશ આપવા માટે જુદી જુદી સોવરીન ગોલ્ડ બોન્ડ યોજના અંતર્ગત ઈસ્યુ કરેલા બોન્ડ ની સેવા માં સરળતા રહે તે માટે આ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે.

## III. વ્યાખ્યા :

આ માર્ગદર્શિકા અન્ય સંદર્ભ ની જરૂર ન હોય તો :

a. ડીપોઝીટરી પાર્ટીસીપંટ એટલે એવો શખ્શ કે જેને સેબી (ડીપોઝીટરી એન્ડ પાર્ટીસીપંટ) રેગ્યુલેશન 1966 ના ચેપ્ટર IV અંર્તગત સીકયુંરીટી એન્ડ એક્ષ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા નોંધણી નું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય.

b. રીસીવિંગ ઓફીસ એટલે અનુસુચિત વાણીજ્ય બેંકો (ક્ષેત્રિય ગ્રામીણ બેંકો સિવાય), SHCIL માન્ય પોસ્ટ ઓફીસો (GOI દ્વારા સૂચિત) અને માન્ય સ્ટોક એક્ષ્ચેન્જ જેવાકે નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જ ઓફ ઈન્ડિયા લીમીટેડ અને બોમ્બે સ્ટોક એક્ષ્ચેન્જ લીમીટેડ

a. ડીપોઝીટરી એટલે કંપની એક્ટ ,1956 (1 of 1956) અંતર્ગત નોંધાયેલ કંપની અને જેને સીક્યુંરીટી એન્ડ એક્ષ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992 ( 15 of 1992) ની કલમ 12 ની પેટા કલમ (1A) હેઠળ નોંધણી નું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય.

## IV બોન્ડ અંગેની સેવા માટે પ્રક્રિયાગત માર્ગદર્શિકા :

( બોન્ડ ની અરજી મેળવવા અને મુખ્ય લક્ષણો બાબત માં વધુ માર્ગદર્શન મેળવવા માટે કૃપયા જુદી જુદી સોવરીન ગોલ્ડ બોન્ડ યોજના માટે ભારત સરકાર અને RBI દ્વારા બહાર પાડેલી સુચના તથા કામગીરી ની માર્ગદર્શિકા નું અવલોકન કરો ).

### 1. મધ્યવર્તી (nodal) શાખાઓ /કાર્યાલયો

જે રીસીવિંગ ઓફીસો અને અન્ય શખ્સો ને બોન્ડ ની સેવા આપવાની જવાબદારી સોંપી છે તેઓ બોન્ડ ની સેવા માટે મધ્યવર્તી (nodal) ઓફીસ /શાખા નક્કી કરી શકે છે.અલગ અલગ શાખા ઓ માં મેળવેલી અરજીઓ નું પ્રાથમિક પૃથક્કરણ કર્યા બાદ અરજીઓ આગળની પ્રક્રિયા માટે મધ્યવર્તી (nodal) ઓફીસ /શાખા ને મોકલી શકાય છે. વિનંતી ની પ્રક્રિયા ને રીસીવિંગ ઓફીસો અને અન્ય શખ્સો ના સિટીઝન્સ ચાર્ટર નો ભાગ બનાવી શકાય છે અને તે માટે લાગુ પડતી સમય મર્યાદા નું પાલન ચુસ્ત પણે કરવાનું રહેશે. આ ઓફીસ / શાખાઓ ની સંપર્ક વ્યક્તિ ની વિગત નો યોગ્ય પ્રચાર કરવાનો રહેશે અને અસરકારક ગ્રાહક તકરાર નિવારણ ની વ્યવસ્થા કરવાની રહેશે .

### 2 . બોન્ડ ની ફાળવણી અને ધારણ કર્તા નું પ્રમાણપત્ર બનાવવું .

ફાળવણી ની તારીખે RBI દ્વારા બધા સફળ ભરણા માટે ધારણ કર્તા નું પ્રમાણપત્ર બનાવવામાં આવશે અને જે ગ્રાહકે તેમનું ઈ-મેંઈલ આઈડી આપ્યું હશે તેમને ઓટો જનરેટેડ ઈ-મેંઈલ થી મોકલવામાં આવશે.RBI ના ઈ-કુબેર પોર્ટલ પર થી રીસીવિંગ ઓફીસ પણ પ્રમાણપત્ર ડાઉનલોડ કરી ને ગ્રાહક ને મોકલી શકશે. ધારણ કર્તા નું પ્રમાણપત્ર A4 સાઈઝ ના 100 GSM ના કાગળ ઉપર સૂચવાયેલા ફોર્મ C માં કલર પ્રિન્ટ કરવામાં આવશે. ધારણ કર્તા

નું પ્રમાણપત્ર , ધારણ કર્તા દ્વારા સોવરીન ગોલ્ડ બોન્ડ માં રોકાણ નો માત્ર પુરાવો છે પણ તે પોતે કોઈ ટાઈટલ અભિવ્યક્ત કરવાનું તાત્પર્ય ધરાવતું નથી.

## 3. સ્ટોક પ્રમાણપત્ર ને ડી –મટેરીઅલાઈઝડ સ્વરૂપ માં બદલવું અથવા ડી –મટેરીઅલાઈઝડ બોન્ડ ને સ્ટોક પ્રમાણપત્ર સ્વરૂપ માં બદલવું

### 3.1 ડી –મટેરીઅલાઈઝેશન

અરજદાર બોન્ડ માટે ની અરજી કરતી વખતે અથવા પાછળ થી બોન્ડ ને ડી –મટેરીઅલાઈઝડ સ્વરૂપ માં બદલવા માટે ખાસ વિનંતી કરી શકે છે . બદલવાની પ્રક્રિયા અરજદારે આપેલી વિગતો જેવી કે નામ , ડીપી આઈડી, ક્લાયન્ટ આઈડી ની ખરાઈ અને ડીપોઝીટરી દ્વારા સ્વીકારવામાં આવેલ રેકોર્ડ ઉપર આધારિત રહેશે. રીસીવિંગ ઓફીસોએ એ બાબત નું ધ્યાન રાખવાનું રહેશે કે તેમણે RBI ના પોર્ટલ માં રોકાણકાર નું દાખલ કરેલ નામ ડીપોઝીટરી ના રેકોર્ડ મુજબ જ હોય. વિગતો અપલોડ કરતા પહેલા ગ્રાહક પાસેથી કન્ફર્મેશન લઈ શકાય .જ્યાં સુધી ડી –મટેરીઅલાઈઝેશન ની કાર્યવાહી પૂરી ન થાય ત્યાં સુધી બોન્ડ RBI ના ચોપડે સ્ટોક પ્રમાણપત્ર તરીકે રહેશે.

જો ફાળવણી પછી ,રોકાણકાર સ્ટોક પ્રમાણપત્ર ને ડી –મટેરીઅલાઈઝડ સ્વરૂપ માં બદલવા માંગે તો રીસીવિંગ ઓફીસ તેમની વિનતી ડીપોઝીટરી નું નામ ,ડીપી આઈડી, ક્લાયન્ટ આઈડી , પ્રથમ હોલ્ડર નો PAN નંબર વિગેરે વિગતો સાથે સ્વીકારી શકે છે. રીસીવિંગ ઓફીસ આ વિગતો ઈ-કુબેર પોર્ટલ માં એન્ટર કરશે. આવી વિનંતીઓ PDO,RBI,મુંબઈ દર શુક્રવારે કોન્સોલીડેટેડ બેઝ થી પ્રોસેસ કરશે અને વિગતો ડીપોઝીટરી ને ચકાસણી માટે મોકલશે . ડીપોઝીટરી દ્વારા ચકાસણી બાદ PDO,મુંબઈ , બોન્ડ ટ્રાન્સફર કરશે અને લાભાર્થી ના ડીમેટ ખાતા માં જમા કરવા માટે ડીપોઝીટરી ને મોકલશે. ડીપોઝીટરી દ્વારા માહિતગાર કરાયેલા સ્વીકારાયેલ અને નકારાયેલ કેસો ની જાણ થયા બાદ PDO,RBI,મુંબઈ રીસીવિંગ ઓફીસ ને તેની જાણ કરશે. નકારાયેલ કેસ બાબત માં રીસીવિંગ ઓફીસ ને જરૂરી સુધારા કરી ને વિનંતી ફરી થી મોકલવા ની છુટ છે.

### 3.2 રી –મટેરીઅલાઈઝેશન

રી –મટેરીઅલાઈઝેશન માટે ગ્રાહક તેના હોલ્ડીંગ ની વિગતો સાથે , ડીપોઝીટરી પાર્ટીસીપંટ નો સમ્પર્ક સાધી શકે છે. તેઓ રીસીવિંગ ઓફીસ અને બેંક ખાતા ની વિગતો ( બેંક નું નામ ,શાખા ,ખાતા નંબર IFSC અને ખાતા નો પ્રકાર ) સ્પષ્ટ કરી શકે છે જેથી તે મુજબ રી –મટેરીઅલાઈઝેશન બાદ બોન્ડ ની સેવા મળી શકે. અરજી ના અધારે ડીપોઝીટરી પાર્ટીસીપંટ ડી –મટેરીઅલાઈઝેશન ની વિનંતી તૈયાર કરીને ડીપોઝીટરી ને મોકલશે . આવી

વિનંતી ડીપોઝીટરી ઈ-કુબેર પોર્ટલ થી મોકલી શકેછે. ( વધુ માર્ગદર્શન માટે કૃપયા અમા રી વેબ સાઈટ ઉપર પ્રાપ્ય યુસર મેન્યુઅલ જુઓ ). રી –મટેરીઅલાઈઝેશન માટે મોકલેલી જામીનગીરીઓ નું ટ્રેડીંગ નહિ થઇ શકે. બદલવામાં માં આવ્યા (after conversion) બાદ બોન્ડ RBI ને ચોપડે ધારણ કરવામાં આવશે. વધુમાં, રી – મટેરીઅલાઈઝડ બોન્ડ ની સેવાઓ રોકાણકારે સ્પસ્ટ કરેલી / જણાવેલી રીસીવિંગ ઓફીસ આપશે.

## 4. બોન્ડ ની ટ્રાન્સફર

ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એક્ટ, 2006 અને ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ રેગ્યુલેશન , 2007 ની જોગવાઈ મુજબ પાકતી મુદ્દત પહેલા ,સ્ટોક પ્રમાણપત્ર સ્વરૂપે ઈસ્યુ કરેલા બોન્ડ ને પુરેપુરા યા અંશત રીતે ટ્રાન્સફર નું ફોર્મ "III" ભરીને / એક્ષિક્યુટ કરીને ટ્રાન્સફર કરી શકાશે. ડી –મટેરીઅલાઈઝડ બોન્ડ ની લાભકારક માલિકી, ટ્રેડીંગ ઈન એક્ષ્ચેન્જ દ્વારા અને ઓફ માર્કેટ ટ્રેડીંગ પ્રવર્તમાન પ્રેક્ટીસ મુજબ ટ્રાન્સફર કરી શકાશે.

### 4.1 વેચાણ ,ભેટ દ્વારા બોન્ડ ની ટ્રાન્સફર:

સ્ટોક પ્રમાણપત્ર સ્વરૂપે બોન્ડ ના ધારણકર્તા રોકાણકારો એક લાયક હોલ્ડર પાસેથી બીજા લાયક હોલ્ડર ને વેચણ યા ભેટ થી ટ્રાન્સફર કરવા માટે રીસીવિંગ ઓફીસ નો સમ્પર્ક સાધી શકે છે. રીસીવિંગ ઓફીસ ટ્રાન્સફર નું સાક્ષી સાથે ભરેલું ફોર્મ (ફોર્મ "III) (પરીશિષ્ટ II જુઓ ) ધારણકર્તા ના પ્રમાણપત્ર સાથે મેળવશે. રીસીવિંગ ઓફીસ આપેલી વિગતો ની સત્યતા તેમની પાસે પ્રાપ્ય રેકોર્ડ / ઈ-કુબેર પોર્ટલ સાથે ક્રોસ ચેક કરશે. રીસીવિંગ ઓફીસ ટ્રાન્સફરર અને ટ્રાન્સફરી બંને ના KYC ની વિગતો ની ચકાસણી કરશે. ટ્રાન્સફર ની વિનંતી ત્યારબાદ ઈ-કુબેર પોર્ટલ દ્વારા પ્રોસેસ કરાશે. ( માર્ગદર્શન માટે કૃપયા યુસર મેન્યુઅલ જુઓ ).અત્રે એ ધ્યાન માં રાખવું કે ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એક્ટ ની કલમ 9 ની પેટા કલમ (4) ની જોગવાઈ મુજબ ટ્રાન્સફર થયા બાદ હાલનું નોમીનેશન કેન્સલ ગણાશે. જો ટ્રાન્સફરી નોમીની ઉમેરવા/ નીમવા ઈચ્છે તો રીસીવિંગ ઓફીસ આ માર્ગદર્શિકા ના ફકરા 5 માં દર્શાવેલી પ્રક્રિયા મુજબ જરૂરી કાર્યવાહી કરશે. ઈ-કુબેર પોર્ટલ દ્વારા સુધારેલું પ્રમાણપત્ર બનાવી ને ટ્રાન્સફરી ને ઈસ્યુ કરવામાં આવશે. ખાતા ની ટ્રાન્સફર વ્યાજ ચુકવણી ના શીડ્યુલ માં વિક્ષેપ કરશે નહિ. અને ટ્રાન્સફરી / બોન્ડ ધારણકરતા ને નિયત તારીખે વ્યાજ ચૂકવવાનું ચાલુ રહેશે.

4.2 સ્ટોક પ્રમાણપત્ર સ્વરૂપે ધારણકરેલા બોન્ડ નું અંશત ટ્રાન્સફર :

અંશત ટ્રાન્સફર ના કેસ માં મુળ હોલ્ડીંગ પ્રમાણપત્ર કેન્સલ ગણાશે અને ટ્રાન્સફરર અને ટ્રાન્સફરી બંને ને બદલાયેલા હોલ્ડીંગ દર્શાવતા નવા પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે.

4.3 એક માત્ર હોલ્ડર યા સંયુક્ત હોલ્ડર ના મૃત્યુ બાદ SGB ના ટાઈટલ ની માન્યતા અને જીવિત સંયુક્ત હોલ્ડર યા અનેક નાણા લેનાર ( payees) ના અધિકાર :

એક માત્ર હોલ્ડર યા સંયુક્ત હોલ્ડર ના મૃત્યુ બાદ SGB ના ટાઈટલ ની માન્યતા અને જીવિત સંયુક્ત હોલ્ડર યા અનેક નાણા લેનાર ( payees) ના અધિકાર, ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એકટ, 2006 ની કલમ 7 અને 8 અને ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ રેગ્યુલેશન , 2007 ના રેગ્યુલેશન 6 ની જોગવાઈઓ. મુજબ રહેશે. ધ્યાન માં રાખો કે:

a. એકવાર રીસીવિંગ ઓફીસ / ડીપોઝીટરી જે પણ , દાવો મેળવે તો તે ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એકટ, 2006 ની કલમ 7 અને ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ રેગ્યુલેશન , 2007 ના રેગ્યુલેશન 6 ની જોગવાઈઓ મુજબ અને તેની કાયદેસરતા, ખરાપણા અને અંતિમપણા થી સંતોષ થયા બાદ અને આ બોન્ડ બાબત માં કોઈ હરીફ દાવો નથી તેની ખાતરી કરી અને દાવો સાબિત કરવા માટે જરૂરી દસ્તાવેજો મેળવ્યા બાદ દાવા ને ઓળખશે (ચકાસણી કરશે) .આ માટે જરૂર જણાય તો તે બીજા કોઈ દસ્તાવેજ યા ડીકલેરેશન માગી શકશે. જરૂર જણાય તો દાવેદાર પાસેથી ઠીક લાગે તેવી રકમ નો ક્ષતિપૂર્તિ બોન્ડ પણ માગી શકે.

b. રીસીવિંગ ઓફીસ / ડીપોઝીટરી શંકાસ્પદ કેસ ને PDO, મુંબઈ ને મોકલી શકશે.

c. સ્ટોક પ્રમાણપત્ર સ્વરૂપે ધારણ હોલ્ડ કરેલા બોન્ડ નું દાવેદાર ને ટ્રાન્સફર કરવાની કાર્યવાહી ઈ-કુબેર પોર્ટલ દ્વારા થશે ( માર્ગદર્શન માટે કૃપયા અમારી વેબ સાઈટ ઉપર પ્રાપ્ય યુસર મેન્યુઅલ જુઓ).:

## 5. નોમીનેશન :

નોમીનેશન અને તેનું કેન્સલેશન નું સંચાલન ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એક્ટ, 2006 (38 of 2006) અને ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ રેગ્યુલેશન , 2007 ના ચેપ્ટર III ની જોગવાઈઓ મુજબ થાય છે. ગ્રાહક બોન્ડ ના ભરણા ની અરજી વખતે જ યા પછી ની તારીખ થી નોમીનેશન ( સૂચિત ફોર્મ VI માં ) કરી શકેછે. બોન્ડ માટે એક કરતાં વધુ ( વધુમાં વધુ 2 વ્યક્તિ ) વ્યક્તિ ને નોમીની તરીકે નીમી શકાય છે. સગીરવતી કરેલા રોકાણ ના કેસ માં નોમીનેશન ની સગવડ મળશે નહિ .

## 5.1 નોમીનેશન નું કેન્સલેશન :

જો સોવરીન ગોલ્ડ બોન્ડ નો હોલ્ડર હાલનું નોમીનેશન કેન્સલ કરવાની અરજી સૂચિત ફોર્મ VII માં કરે તો ચકાસણી કરવી કે:

i. ફોર્મ માં સોવરીન ગોલ્ડ બોન્ડ ની સાચી વિગતો બતાવી છે કે કેમ અને

ii. નોમીની / નોમીનીઓ ના નામ સાચા બતાવ્યા છે કે કેમ

## 5.2 હાલ ના નોમીનેશન માં ઉમેરો કરવો:

હોલ્ડર હાલ ના નોમીનેશન માં વધારા નો નોમીની નીમી શકે છે. આ માટે નવું ફોર્મ III આપવું પડશે, જેની ચકાસણી મુળ નોમીનેશન વખતે કરેલી તે મુજબ જ કરવામાં આવશે.

સ્ટોક પ્રમાણપત્ર સ્વરૂપે ધારણકરેલા બોન્ડ ના કેસ માં રીસીવિંગ ઓફીસ કેન્સલેશન કે એડીશન ની દરખાસ્ત (request) આપેલી વિગતો ની ખરાઈ અને ચોકસાઈ બાબત નો સંતોષ થયા બાદ ઈ-કુબેર સીસ્ટમ માં આપેલી સગવડો નો ઉપયોગ કરીને એ-કુબેર માં દરખાસ્ત મુકશે. ( માર્ગદર્શન માટે કૃપયા યુસર મેન્યુઅલ જુઓ ) .સૂચિત ફોર્મ માં પ્રાપ્તિ સુચના પણ આપી શકાશે.

## 5.3 નોમીની ના દાવા :

હોલ્ડર ના મૃત્યુ બાદ નોમીની / નોમીનીઓ ના દવા ની ઓળખ ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એકટ, 2006 ની કલમ 9 અને ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ રેગ્યુલેશન , 2007 ના ચેપ્ટર III ની જોગવાઈઓ મુજબ થાય છે.

એકવાર રીસીવિંગ ઓફીસ / ડીપોઝીટરી જે પણ , દાવો મેળવે તો તે ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એકટ, 2006 ની કલમ 9 અને ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ રેગ્યુલેશન , 2007 ના ચેપ્ટર III ની જોગવાઈઓ મુજબ અને તેની કાયદેસરતા, ખરાપણા અને અંતિમપણા થી સંતોષ થયા બાદ અને આ બોન્ડ બાબત માં કોઈ હરીફ દાવો નથી તેની ખાતરી કરી અને દાવો સાબિત કરવા માટે જરૂરી દસ્તાવેજો મેળવ્યા બાદ દાવા ને ઓળખશે (ચકાસણી કરશે) .

આ માટે જરૂર જણાય તો તે બીજા કોઈ દસ્તાવેજ યા ડીકલેરેશન માગી શકશે. જરૂર જણાય તો દાવેદાર પાસેથી ઠીક લાગે તેવી રકમ નો ક્ષતિપૂર્તિ બોન્ડ પણ માગી શકે. જો દાવો બરાબર / સાચો લાગે તો નોમીની નું નામ/નોમીનીઓ ના નામ મૃત હોલ્ડર ના નામ ની અવેજીમાં / જગ્યાએ દાખલ કરવામાં આવશે અને યોગ્ય પ્રમાણી કરણ કરીને નવું હોલ્ડીંગ પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે.

રીસીવિંગ ઓફીસ / ડીપોઝીટરી શંકાસ્પદ કેસ ને PDO, મુંબઈ ને મોકલી શકશે

## 6. બોન્ડ ના તારણ ઉપર લોન અને પ્લેજ ,હીપોથીકેસન ,લીયન કરવું:

બોન્ડ ને પ્લેજ ,હાઈપોથીકેસન કે તેના ઉપર લીયન કરવા ની બાબત ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એક્ટ 2006 ની કલમ 28 અને ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ રેગ્યુલેશન , 2007 ના ચેપ્ટર VIII ની જોગવાઈ મુજબ થાય છે. બોન્ડને કોઈપણ લોન માટે કોલેટરલ જામીનગીરી તરીકે મૂકી શકાય છે.

i. ભારતીય રીઝર્વ બેંકે કોઈપણ સામાન્ય ગોલ્ડ લોન માટે ફરજીયાત કરેલ લોન ટુ વેલ્યુ રેશિયો આ બોન્ડ ને પણ લાગુ પડશે

ii. ઈ-કુબેર સીસ્ટમ માં આપેલી સગવડો નો ઉપયોગ કરીને (માર્ગદર્શન માટે કૃપયા અમારી વેબ સાઈટ ઉપર પ્રાપ્ય યુસર મેન્યુઅલ જુઓ) ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એક્ટ 2006 ની કલમ 28 અને ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ રેગ્યુલેશન ,2007 ના ચેપ્ટર VII ની જોગવાઈ મુજબ સ્ટોક પ્રમાણપત્ર તરીકે હોલ્ડ કરેલ બોન્ડ નું પ્લેજ ,હાઈપોથીકિસન કે લીયન લોન આપનાર બેંક રેકોર્ડ કે રદ કરશે.

iii. બેંક દ્વારા પ્લેજ કે હાઈપોથીકિસન રદ કરવાની સમ્ભવિતતા વખતે બોન્ડ ને બેંક ના નામે ટ્રાન્સફર કરવાની વિનંતી ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ રેગ્યુલેશન ,2007 ના ચેપ્ટર VII ના રેગ્યુલેશન 21 ની જોગવાઈ મુજબ, PDO મુંબઈ ને કોર્ટ ઓર્ડર સહિત અન્ય સહાયક પુરાવા જો હોય તો , સાથે મોકલી શકાશે.

બેંક માં જામીનગીરી રૂપે મુકેલા શેર અને બીજા સ્ટોક ના લીયન માટે જે પ્રેક્ટીસ અનુસરવામાં આવતી હોય તેજ રીતે ડી –મટેરીઅલાઈઝડ બોન્ડ ના કેસ માં ,બોન્ડ ના લીયન ને ડીપોઝીટરી માં માર્ક કરી શકાશે. ઈ-કુબેર વાપરતા ડીપોઝીટરીએ માર્ક કરેલા લીયન ની વિગતો RBI ને અપલોડ કરવાની રહેશે.

## 7. વ્યાજ ની ચુકવણી:

બોન્ડ ને લાગુ પડતું વ્યાજ અર્ધ વાર્ષિક મુદતે ચુકવવામાં આવશે. સ્ટોક સ્વરૂપે હોલ્ડ કરેલા બોન્ડ નું વ્યાજ RBI હોલ્ડર ના બેંક ખાતા (RBI ના રેકોર્ડ મુજબ ના ) માં જે તારીખે વ્યાજ ચુ કવવા પાત્ર થાય તે તારીખે ઈલેક્ટ્રોનિક માધ્યમ થી જમા કરશે. ડી –મટેરીઅલાઈઝડ સ્વરૂપે હોલ્ડ કરેલા બોન્ડ ના કેસ માં વ્યાજ ની રકમ ડીપોઝીટરી દ્વારા વિતરિત કરવામાં આવશે, જે ઈલેક્ટ્રોનિક માધ્યમ થી ,હોલ્ડર ના બેંક ખાતા માં ( તેમની પાસે ના રેકર્ડ મુજબ) તેને જમા કરવાની વ્યવસ્થા કરશે.

## 8. બોન્ડ ની પુનઃ ચુકવણી :

બોન્ડ તેની ઈસ્યુ તારીખ થી આઠ વર્ષ પુરા થયા પછી પુનઃ ચુકવણી પાત્ર બનશે. તે માટે રોકાણકારે RBI પાસે કોઈ દાવો કરવાની જરૂર નથી. પાક્તીમું મુદત પહેલા બોન્ડ નું વિમોચન, આવા બોન્ડ ની ઈસ્યુ તારીખ થી પાંચ વર્ષ પુરા થયા બાદ , જે તારીખે વ્યાજ ચુકવવા પાત્ર થાય તે તારીખે કરી શકાશે. પાક્તી મુદત પહેલા બોન્ડ ના વિમોચન માટે ની વિનંતી રીસીવિંગ ઓફીસ કે ડીપોઝીટરીને બીજું વ્યાજ ચુકવવા પાત્ર થાય તે તારીખ ના 10 દિવસ પહેલા કરવાની રહેશે ( આ માટે કોઈ ચોક્કસ ફોર્મ ની જરૂર નથી). જો રીસીવિંગ ઓફીસ / ડીપોઝીટરી પારટીસીપન્ટ કે ડીપોઝીટરીને જરૂર લાગે તો તે વધુ દસ્તાવેજો,KYC પ્રૂફ ,ડીકલેરેશન વિગેરે મગાવી શકશે.વિનંતી ને વિગતો ની

સચ્ચાઈ / ચોકસાઈ માટે ચકાસવામાં આવશે અને વ્યાજ ની નિયત તારીખ ના ઓછા માં ઓછા ચાર દિવસ પહેલા ઈ-કુબેર પોર્ટલ દ્વારા RBI ને મોકલવાની રહેશે. ચાર દિવસ નો શટ પીરીયડ મુદત પહેલા વિમોચન કરવા મોકલેલા બોન્ડ ને લાગુ પડશે. પાકતી મુદતે અને મુદત પહેલા વિમોચન ના કેસ માં બોન્ડ નું વિમોચન ભારતીય રૂપિયા માં કરાશે અને બોન્ડ ની વિમોચન ની કીમત, વિમોચન ના અગાઉના અઠવાડિયા (સોમવાર થી શુક્રવાર ) ના ઈન્ડિયા બુલિયન એન્ડ જવેલર્સ એસોસીએશન લીમીટેડ દ્વારા પ્રકાશિત થતા 999 પ્યોરીટી વાળા સોનાના ના બંધ ભાવ ની સાદી સરેરાશ ગણી ને ફિક્ષ કરવામાં આવશે.વિમોચન ની રકમ ગ્રાહક ના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

## 9. દલાલી ની ચુકવણી

રીસીવિંગ ઓફિસો સોવરીન ગોલ્ડ બોન્ડ નું ભરણું વધારવા પોતે જાતેજ એજન્ટો નીમી શકશે.આવા એજન્ટો ને આપવાની /વહેંચવાની દલાલી /કમીશન રીસીવિંગ ઓફિસે કુલ મેળવેલા ભરણા ની રકમ ના પ્રતિ સો રૂપિયે એક રૂપિયા લેખે ચૂકવાશે અને રીસીવિંગ ઓફિસો આ પૈકી 50% સુધીના કમીશન નો ભાગ એજન્ટ અને પેટા એજન્ટ ને તેમણે મેળવેલ ધંધા બદલ ચૂકવશે.

## 10. સરનામાં માં ફેરફાર , નામ માં સુધારો, ખાતા નંબર નો સુધારો અને સ્ટોક સ્વરૂપે હોલ્ડ કરેલા બોન્ડ ના કેસ માં અન્ય પરચુરણ સુધારા:

રીસીવિંગ ઓફીસ , સ્ટોક સ્વરૂપે હોલ્ડ કરેલા બોન્ડ ના કેસ માં, હોલ્ડીંગ પ્રમાણપત્ર સાથે મોકલેલી ગ્રાહક ની વિનંતી (કોરા કાગળ ઉપર) / અરજી ની વિગતો ની ચકાસણી કરીને સંતોષ થાય તો ઈ-કુબેર પોર્ટલ દ્વારા પ્રોસેસ કરશે. જો જરૂર જણાય તો રીસીવિંગ ઓફીસ વધુ દસ્તાવેજો મગાવી શકે છે. સુધારા ની અસર આપવા માટે આવી વિનંતી ને રીસીવિંગ ઓફીસ RBI પોર્ટલ માં મોકલશે.

## 11. રેકોર્ડ ની જાળવણી

અરજીપત્ર / ફોર્મ અને બીજી વિનંતીના રેકોર્ડ ને રીસીવિંગ ઓફીસ / ડીપોઝીટરી પારટીસીપન્ટ બોન્ડ ની પાકતી તારીખ સુધી જાળવી રાખશે. પાકતી મુદત પહેલા વિમોચન ની વિનંતી ને વિમોચન ની રકમ ની ચુકવણી ની તારીખ ના પાંચ વર્ષ સુધી જાળવવા ના રહેશે.

**12.** RBI દ્વારા તેને ગવર્નમેન્ટ સીક્યુંરીટીઝ એક્ટ 2006 ની કલમ 29 ની પેટા કલમ (2) હેઠળ મળેલી સત્તા અને આમ કરવા માટે ની બીજી સત્તા અંતર્ગત આ પ્રક્રિયાગત માર્ગદર્શિકા ઈસ્યુ કરવામાં આવી છે. અને તેના ઉલ્લંઘન બદલ કાયદા ની કલમ 30 મુજબ દંડનીય કાર્યવાહી થઈ શકે છે.